# અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર અને મોડાસા નગરપાલિકા તંત્ર દોડતું થયું

મોડાસા, તા. ૨૫

સુરતના તક્ષશિલા આર્કેડમાં લાગેલી આગ હોનારતમાં કોચિંગ ક્લાસમાં અભ્યાસ અર્થે આવેલા ૨૧ બાળકો જીવતા ભૂંજાઈ જતા સમગ્ર ઘટનાના ગુજરાતમાં પડઘા પડ્યા હતા. આ ગોઝારી ઘટના પછી અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર હરકતમાં આવી સેફટી ડ્રાઈવના આદેશ આપતા તકેદારીના ભાગરૂપે ટ્યૂશન ક્લાસીસ, હોટલ,રેસ્ટોરન્ટ, સિનેમા થિયેટર, હોસ્પિટલ, ભોંયરા-ટેરેસ પર ચાલતી વાણિજ્ય પ્રવૃતિઓ અને વધુ લોકો એકઠા થતા હોય તેવા સ્થળોએ જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ૧૮ ટીમ બનાવી સ્થળ તપાસ અને ફાયર સેફટી ઉપલબ્ધ છે કે નહિ તેની તપાસ હાથ ધરી જીલ્લા કલેક્ટર એમ.નાગરાજનાને અહેવાલ સુપ્રત કરવા તાકીદ કરતા જીલ્લામાં અધિકારીઓની ટીમ દોડતી થઈ હતી.







સુરતમાં બનેલ ૨૧ વિદ્યાર્થીઓના મોતની હીંચકારી ઘટના બાદ મોડાસા પાલિકાતંત્ર સફાળું જાગ્યું હતું અને શનિવારે મોડાસામાં આવેલ તમામ ટયુશન ક્લાસીસમાં ફાયર ઓફિસર, ચીફ ઓફિસર સહિતના સ્ટાફ સાથે ટ્યૂશન ક્લાસીસ પર તપાસ હાથ ધરી હતી અને ફાયર સેફટીના સાધનો એનઓસીથી લઈ તમામ બાબતની તપાસ હાથ ધરી હતી અને મોડાસાના તમામ ટયુશન ક્લાસીસને નવી કોઈ સૂચના ના મળે ત્યાં સુધી બંધ રાખવા માટે ક્લોઝર નોટિસ આપી છે. મોડાસામાં ૨૫થી વધુ ત્રીજા ચોથા માળે ચાલતા ટયુશન ક્લાસીસના સંચાલકોને નગરપાલિકા દ્વારા ક્લોઝર નોટિસ આપવામાં આવી છે.

મોડાસા નગરપાલિકાની કામગીરી નોટિસ પૂરતી તો સાબિત નહિ થાય ને..?

મોડાસા શહેરમાં ટ્યૂશન ક્લાસિસનો રાફડો ફાટ્યો છે જેમાં અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓના જાન-માલને નુકશાન થવાની પુરેપુરી સંભાવના રહેલી છે. થોડાક મહિના અગાઉ પણ સુરતમાં ટ્યૂશન ક્લાસીસમાં આગ લાગવાની ઘટના પછી મોડાસા નગરપાલિકાતંત્ર દ્વારા શહેરમાં બિલાડીના ટોપની માફક ફૂટી નીકળેલા ટ્યૂશન ક્લાસીસને દેખાવપૂર્તિ નોટિસ ફટકારી હતી. ત્યારે ફરીથી મોડાસામાં નગરપાલિકાતંત્ર અને ફાયરબ્રિગેડની ટીમે ફટકારેલી નોટિસ કાગળિયા પૂરતી રહેશે કે પછી ફાયરસેફટી એક્ટનો ઉલ્લઘન કરતા ટ્યૂશન ક્લાસીસ સામે નક્કર પગલાં ભરશે તે જોવું રહ્યું..?

## સુરતની ઘટનાના પગલે મહેસાણા જિલ્લાની તમામ પાલિકાઓમાં સઘન ચકાસણી શરૂ કરાઇ

મહેસાણા

સુરત શહેર ખાતે બનેલ દુઃખદ ઘટના જેવી આગ અકસ્માતની અને અન્ય કોઇ પણ પ્રકારની ઘટના ના બને તેના માટે મહેસાણા જિલ્લાની ૦૭ નગરપાલિકાઓમાં ૧૩ ટીમો દ્વારા ફાયર સેફ્ટી નોર્મસના ધારા ધોરણોના અમલીકરણ સંદર્ભે ચકાસણી હાથ ધરાઇ છે.

જિલ્લા કલેકટરશ્રી એચ.કે.પટેલે જણાવ્યું હતું કે, સુરત શહેરમાં જે દુઃખદ ઘટના બની છે, તેવી ઘટના કે અન્ય કોઇ પણ દુઃખદ ઘટના મહેસાણા જિલ્લામાં ન બને તેની ખાસ તકેદારી રાખવા માટે કોઇ પણ પ્રકારના કોમ્પ્લેક્ષ, બહુમાળી ભવન બિલ્ડીંગો, મોલ, થીયેટર, રેસ્ટોરન્ટ, હોટલ, દવાખાના, ટ્યુશન ક્લાસીસ, વગેરમાં ચેકીંગ હાથ ધરાયું છે. આ ચેકીંગ દરમિયાન ફાયર સેફ્ટીના નોર્મસનું પાલન નહિ કરવામાં આવતું હોય હોય તેવા તમામ માલિકો-સંચાલકોને ૭૨ કલાકમાં અમલ કરવા નોટીસ આપવામાં આવશે. આ નિયમોનું ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

મહેસાણા જિલ્લાની હદમાં આવતાં તમામ સ્થળોએ ચાલતાં ખાનગી ટયુશન કલાસ, સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસીસ, ખાનગી લાયબ્રેરીઓ, હોસ્પિટલ, હોટલ, જેવી તમામ ઇમારતમાં ફાયર સેફ્ટી નોર્મસના ધારા ધોરણ અંગેની યોગ્ય ચકાસણી કરાઇ રહી છે.

જિલ્લામાં ફાયર સેફ્ટી નોર્મસ અંતર્ગતની ચકાસણી હાથ ધરાઇ રહી છે. તેમ જિલ્લા કલેકટરશ્રી એચ.કે.પટેલની અખબારી યાદીમાં જણાવાયું હતું,

## બનાસકાંઠા જિલ્લામાં ચાલતા તમામ પ્રકારના ક્લાસીસ પર પ્રતિબંધ

પાલનપુર

તાજેતરમાં રાજયમાં ગેરકાયદેસર રીતે આગ અકસ્માત નિવારણ માટેના સુરક્ષા નિયમોની અવગણના કરી ચાલતા ટ્યુશન ક્લાસીસમાં ગંભીર આગ અકસ્માતના બનાવો બન્યા છે. જેમાં અમૂલ્ય માવન જીવનની અપૂર્ણિય ક્ષતિ થવા પામેલ છે. જેથી આ નિષ્કર્ષ ઉપર આવી શકાય છે કે નિયમોનુંસાર જરૂરી સુરક્ષા સંશાધનો અને અગ્નિશામક સુરક્ષાના ''ના વાંધા પ્રમાણપત્ર'' (એન.ઓ.સી.) સિવાય ચાલતી આવી સંસ્થાઓના લીધે માનવ જીવન, ખાસ કરીને નાની ઉંમરના બાળકો, વિધાર્થીઓ અત્યંત ભયજનક પરિસ્થિતિમાં મુકાય છે.

આવી સંસ્થાઓના કારણે આવા બનાવો બનાસકાંઠા જિલ્લામાં બનતા અટકાવવા સારૂ શ્રી સંદીપ જે. સાગલે (આઇ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠાને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ ફરમાવવામાં આવે છે કે બનાસકાંઠા જિલ્લાના વ્યવસાયીક અને રહેઠાંક વિસ્તારમાં ચાલતા તમામ ટ્યુશન ક્લાસીસના સંચાલન ઉપર તથા વિવિધ પ્રકારના સમર કેમ્પ, ડાન્સ ક્લાસીસ તેમજ બાળકો સંબંધિત જ્ઞાન વર્ધક, સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ સંબંધિત કેમ્પસ, ફીઝીકલ ટ્રેનીંગ ક્લાસીસ તેમજ જીમખાના ચલાવતી સંસ્થાઓ ઉપર તા.૨૫/૫/૨૦૧૯ના કલાક.૦૦/૦૦ વાગ્યાથી તા.૨૩/૦૭/૨૦૧૯ના કલાક.૨૪/૦૦ સુધી સંપૂણપણે પ્રતિબંધ ફરમાવાયો છે.

આ સમય દરમ્યાન જે સંસ્થાઓ અગ્નિશામક સુરક્ષા વ્યવસ્થાના યોગ્ય સત્તાધિકારીના ''ના વાંધા પ્રમાણપત્ર'' (એન.ઓ.સી.) તેમજ તે સબંધિત ભૌતિક પુરાવા રજૂ કર્યેથી તેમજ વસાયેલ ફાયર સેફ્ટીના સાધનોથી પૂર્ણ રૂપે તાલીમબધ્ધ હોવાના પુરાવા રજૂ કર્યા પછી તેઓને કાર્યરત થવા માટે વિચારણ કરવામાં આવશે. ઉપરોકત હુકમમાંથી સરકારી તેમજ માન્યતા પ્રાપ?ત શૈક્ષણિક સંસ્થાઓને બાકાત રાખાવામાં આવે છે.

આ હુકમનો ઉલ્લંઘન કરનાર ઈ.પી.કો. કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે પી.એસ.આઇ. થી નીચેના દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

## ટીંટોઈ રામજી મંદિર નજીક કેનાલમાં દારૂ ભરેલી કાર ખાબકી





મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લાના મુખ્યમાર્ગો પર પ્રોહિબિશન ડ્રાઈવ હેઠળ અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ બુટલેગરો પર તવાઈ વધારતા બુટલેગરો જીલ્લાના અંતરિયાળ વિસ્તારના માર્ગે મોટા પ્રમાણના વિદેશી દારૂ ઘુસાડવા સક્રિય બન્યા છે. મોડાસાના ટીંટોઈ ગામમાં રામજી મંદિર નજીક ગત મોડી રાત્રીએ શણગાલ તરફથી આવતી વિદેશી દારૂ ભરેલી કાર પલ્ટી ખાઈ કેનાલમાં ખાબકતા દારૂના રસિયાઓએ કારમાંથી દારૂની લૂંટ ચલાવી રફુચક્કર થઈ ગયા હતા. બુટલેગર પણ નાસી છૂટતા દારૂ ભરેલી કાર પલટી જતા દોડી આવેલી રૂરલ પોલીસે વિદેશી દારૂ અને બિયરની ૫ પેટી મળી આવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ શુક્રવારની રાત્રીએ પુરઝડપે શણગાલ તરફથી આવતી આઈ-૧૦ કાર રામજી મંદિર પાસે કેનાલમાં ધડાકાભેર ઊંધા માથે પટકાતા આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા. કારમાં વિદેશી દારૂ-બિયરના ટીન ભરેલ હોવાથી કાર ચાલક તક જોઈ ફરાર થઈ જતા કેનાલમાં દારૂ ભરેલી કાર ખાબકી હોવાની જાણ દારૂના રસિયાઓને થતા દારૂ-બિયરની લૂંટ ચલાવી પલાયન થયા હતા. કેનાલની આજુબાજુમાં વિદેશી દારૂ અને બીયરના પેટીના ખાલી ખોખા ઠેર ઠેર વેરવિખેર પડ્યા હતા. લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા. કેટલાક બીયરના શોખીનોએ તો ઘટનાસ્થળે જ બીયરના ટીન ગટગટાવી ખાલી ટીન નાખી દીધા હતા.

મોડાસા રૂરલ પોલીસને ટીંટોઈ રામજી મંદિર નજીક વિદેશી દારૂ ભરેલી કાર કેનાલમાં ખાબકી હોવાની ઘટનાની જાણ થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. પોલીસને ઘટનાસ્થળેથી કચ્ચરઘાણ નીકળેલી કાર અને વિદેશી દારૂની ૫ પેટી મળી આવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે મોડાસા રૂરલ પીએસઆઈ ચાવડાબેન સાથે વાત કરતા જણાવ્યું હતું કે ટીંટોઈ નજીક પલ્ટી ખાઈ ગયેલી કારમાંથી ૫ પેટી દારૂ મળી આવ્યો છે. કારમાંથી દારૂના પીયકકડો દારૂની લૂંટ ચલાવી હોય એવું અમારા ધ્યાનમાં આવ્યું નથી.

### બાયડના અમરાપુર નજીક

## બે બાઈક સામસામે અથડાતા એક મહિલા અને યુવકનુ ઘટનાસ્થળે મોત

બાયડ, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના અમરાપુર ગામ નજીક બે બાઈક સામસામે ધડાકાભેર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બંને બાઈક પર સવારી કરનાર વ્યક્તિઓ રોડ અને રોડની આજુબાજુમાં વેરવિખેર પડ્યા હોય તેવા દશ્યો જોવા મળતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકો પણ અકસ્માતના ભયાવહ દ્રશ્યો જોઈ અચંબિત બન્યા હતા. આ અકસ્માતની ઘટનામાં ૫ લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન એક મહિલા અને યુવકે દમ તોડી દેતા ભારે ગમગીની છવાઈ હતી. અકસ્માતના પગલે દોડી આવેલી બાયડ પોલીસે બંને મૃતકના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બાયડના અમરાપુર નજીકથી પસાર થતી સુજલામ-સુફલામ કેનાલ નજીક બે બાઈક અથડાતા ગમખ્વાર અકસ્માતમાં બે લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. બાયડના રૂપનગરના ભરતભાઈ માનાભાઈ ખાંટ તેમના પરિવારમાં દીકરીના લગ્ન હોવાથી સમાજના રીતરિવાજ મુજબ તેમના ભત્રીજા હિતેશકુમાર કાનાભાઈ પરમાર સાથે બાઈક લઈ કપડવંજ તાલુકા મંડાવના મુવાડા ખાતે પાઘડી લઈ ગયા હતા અને બાઈક (નં. જીજે.૩૧.કે.૦૭૨૭) પર પરત ફરી રહ્યા હતા. અમરાપુર સુજલામ સુફલામ કેનાલ નજીકથી પસાર થતા હતા ત્યારે સાઈડમાંથી અચાનક ધસી આવેલી બાઈક (નં. જીજે.૦૭.બીએમ.૪૬૯૨)ના ચાલકે પૂર ઝડપે ટક્કર મારતા ગમખ્વાર અકસ્માતમાં ૫ લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન હિતેશકુમાર કાનાભાઈ પરમાર અને ભાવનાબેન રાજેશકુમાર સોલંકીનું મોત નીપજ્યુ હતુ. ત્રણ ઈજાગ્રસ્ત લોકોની સ્થિતિ સુધારા પર હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

અકસ્માતના પગલે રૂપનગરમાં દીકરીના લગ્નમાં માતમ છવાયો હતો અને ભારે હૈયે પરિવારજનોએ લગ્નપ્રસંગ સાદગીથી આટોપી લીધો હતો. અકસ્માતની ઘનટાની જાણ બાયડ પોલીસને થતા બંને મૃતકના પીએમ માટે દવાખાને ખસેડી ભરતભાઈ માનાભાઈ ખાંટ (રહે. રૂપનગર, તા. બાયડ)ની ફરિયાદના આધારે બાઈક (નં. જીજે. ૦૭. બીએમ.૪૬૯૨)ના અજાણ્યા ચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ૨૯ બુથ ધરાવતી વડાગામ જિલ્લા પંચાયત બેઠક ઉપર ભાજપને ૮૩૪૭ મતોની જંગી લીડ મળી

વડગામ, તા. ૨૫

સાબરકાંઠા લોકસભા બેઠકના અરવલ્લી જિલ્લામાં મોડાસા વિધાનસભા ક્ષેત્રમાં આવતા મોડાસા અને ધનસુરા તાલુકાઓએ આ વખતની લોકસભા ચૂંટણીમાં ૩૪૭૪૦ મતોની જંગી લીડ આપી છે. જ્યારે વડાગામ જિલ્લા પંચાયતની બેઠકના ૨૯ બુથોની મતગણતરીના સત્તાવાર આંકડા મુજબ વડાગામની આ જિ. પંચાયત બેઠકમાં ભાજપને કુલ ૧૧૩૧૦ મત મળ્યા છે જ્યારે કોંગ્રેસને માત્ર ૨૯૬૩ મત મળતા માત્ર એક જ જિલ્લા પંચાયતની સરસાઈ ૮૩૪૭ મતોનો થતા આ મત વિસ્તારના જિલ્લા પંચાયતના સદસ્ય અને વિરોધપક્ષના નેતા રાજેન્દ્રભાઈ જે. પટેલ અને કાર્યકરોએ સાંસદ દીપસિંહ રાઠોડના વિજયને વધાવવા સાથે વડગામ જિલ્લા પંચાયત બેઠક ઉપર ખૂબ મોટી સરસાઈ અપાવવા બદલ જિ. પંચાયત સદસ્ય વિરોધ પક્ષના નેતા રાજેન્દ્રભાઈ પટેલે તમામ કાર્યકરો અને મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો અને આ વિસ્તારમાં હજુ પણ વધુ સારા વિકાસ કામો માટે ખાત્રી આપી હતી.

## વરણાવાડામાં ધરોઈની પાઈપ લાઈન તૂટતાં હજારો લિટર પાણી વેડફાયુ

### પાઇપ લાઇન તૂટી ગયા ને બે દિવસ થવા છતાં પાણી પુરવઠાના અધિકારીઓ અજાણ





વડગામ તાલુકાના વરણાવાડા માં ધરોઈ ની પાઈપ લાઇન તૂટતાં હજારો લિટર પાણી વેડફાય રહ્યું છે. આ પાઈપ લાઇન તૂટી ગયા ને બે દિવસ કરતા વધુ સમય થયો હોવા છતાં હજુ સુધી પાણી પુરવઠા ના અધિકારીઓ આ વાતથી અજાણ હોવાથી લોકોને પણ નવાઇ લાગી રહી છે.

આ અંગે વરણાવાડા ગામના સરપંચ દ્વારા પાણી પુરવઠા વિભાગ ને જાણ કરાઇ છે

વડગામ તાલુકાના કેટલાય ગામોમાં છેલ્લા કેટલાય સમયથી તાલુકા ગામોમાં ધરોઈ નું પીવા માટે પાણી જાય છે. પણ આ ઉનાળો બેસ્યો ત્યારથી ધરોઈ નું પાણી પણ એકોત્રા દિવસે આવતુ હોય છે. વડગામ તાલુકાના વરણાવાડા ગામના નજીક એક ખેડૂત ના ખેતર પાસે ધરોઇ જુથની પાઈપ લાઇન પાઈપ લાઈન પસાર થાય છે ત્યા બે દિવસ પહેલા આ પાઈપ તૂટી ગઇ છે. અને આ ધરોઈ જુથની પાઈપ લાઇન માં થી હજારો લિટર પીવાનું લિટર પાણી વેડફાઇ રહ્યું છે. તેમ છતાં હજુ પાણી પુરવઠા ના અધિકારીઓ આ અંગે અજાણ છે. એક બાજુ વડગામ પંથક ના કેટલાક ગામોમાં પાણીના તળ ઉંડા જતાં બોર ફેલ થઈ રહ્યા હોવાની બુમરાડો ઉઠવા પામી છે જેને લઈને લોકો માં પીવાના પાણી માટે ફાફા પડી રહ્યા છે જ્યારે બીજી બાજુ ધરોઇ જુથની પાઈપ લાઇન તુટી જતાં પાણી વેડફાય રહ્યું છે ત્યારે તંત્ર દ્વારા આ અંગે ઘટતું કરીને ન કામુ વહી રહેલા પાણીને બંધ કરાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે આ અંગે વરણાવાડા ગામના સરપંચ મહેન્દ્રપુરી ગોસ્વામી ને આ અંગે જાણ થતાં તેમણે તાત્કાલિક પાણી પુરવઠા વિભાગ ના અધિકારીઓ ને જાણ કરી હતી.

ત્યારે અગે સ્થાનિક લોકોએ જણાવ્યું હતું બે દિવસ કરતા વધુ સમય થયો પાઈપ તુટયે પણ હજુ સુધી કોઈ પાણી પુરવઠા વિભાગ ના એક પણ કર્મચારી આ બાજુ ફરકયા પણ નથી.ત્યારે કલેકટર દ્વારા આવા બે જવાબદાર કર્મિઓ સામે કડક પગલાં લેવાય તેવું આમ જનતા ઈચ્છી રહી છે .

### મોડાસાના નીર મોદીએ અંગ્રેજી માધ્યમમાં

## બહેનની હૂંફથી ૧૨ કોમર્સમાં જીલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું



મોડાસા, તા. ૨૫

ગુજરાતમાં આજે ધોરણ-૧૨ કોમર્સનું બોર્ડે પરિણામ જાહેર કર્યું હતું જેમાં અંગ્રેજી માધ્યમમાં કોમર્સ પ્રવાહમાં અરવલ્લી જીલ્લામાં મોડાસાનો નીર મોદી અવ્વલ આવતા પરિવારમાં ખુશી પ્રસરી હતી. નીર મોદીની સફળતા પાછળ બહેન સહીત ઘરની ત્રણ મહિલાઓનો મહત્વનો ફાળો રહ્યો છે. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાની સાથે ૪ વર્ષ પહેલા પિતાની છત્રછાયા ગુમાવનાર નીર મોદીને તેની બહેન પલ મોદીએ ખાનગી શાળામાં નોકરી કરી પરિવારની સંપૂર્ણ જવાબદારી ઉપાડી નીરને હૂંફ આપતા આજે જાહેર થયેલ ૧૨-કોમર્સના રિઝલ્ટમાં પરિવાર અને મોડાસા શહેરનું નામ રોશન કર્યું હતું. નીર મોદીએ સી.એ. બનાવની ઈચ્છા વ્યક્ત કરી હતી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડનું સમાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયું છે ત્યારે અરવલ્લી જિલ્લામાં બહેનની મદદથી ભાઈએ પ્રથમ નંબર મેળવી જિલ્લાનું નામ રોશન કર્યું છે. મોડાસાની પ્રાર્થના સ્કૂલમાં ભણતા નીર મોદીએ ધોરણ બારમાં કોમર્સમાં ઈંગ્લીશ મીડિયમ સાથે જિલ્લામાં ૮૬.૪૫ ટકા મેળવ્યા છે. ચાર વર્ષ પહેલા પિતાના અવસાન બાદ ઘરમાં જાણે આભ તૂટી પડ્યું હોય તેવું લાગ્યું પણ ઘરમાં દાદી, માતા અને બહેનના સહયોગથી ભાઈએ મહેનત કરીને અને તેમની મહેનત પણ રંગ લાવી હતી નીર મોદીની તમામ ફી સહિતનો ખર્ચ બહેને નોકરી કરતા કરતાં નિભાવ્યો હતો તથા જીલ્લા શિક્ષણ વિભાગ દ્વારા પણ થોડો સહયોગ મળતા ફીમાં રાહત મળી હતી. પિતાની છત્રછાયા ગુમાવનાર નીર મોદીને તેની બહેન પલ મોદીએ સતત ભાઈને હૂંફ અને પિતા હયાત ન હોવાનો અહેસાસ પણ થવા દીધો ન હતો અને બહેન હર હંમેશ ભાઈની સાથે ખડે પગે રહેતાં આજે નીર મોદીએ જીલ્લામાં પ્રથમ ક્રમ મેળવી બહેનની મહેનતને રંગ લગાવી દીધો હતો.

## છાત્રોના આત્માની શાંતિ માટે સાબરકાંઠા બેંકની બોર્ડ મિટિંગમાં પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ અર્પી



મોડાસા, તા. ૨૫

ગઈકાલે સુરતમાં ટ્યુશન ક્લાસમાં આગમાં ભડથું થઈને તેમજ જાન બચાવવા કુદી જનાર છાત્રોના અવસાન અંગે ગુજરાતભરમાં અને દેશમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે. ત્યારે આજરોજ ચેરમેન મહેશભાઈ પટેલના અધ્યક્ષપદે મળેલી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ બેંકની બોર્ડ મિટિંગમાં મૃતક છાત્રોના આત્માની શાંતિ માટે બે મિનીટ મૌન પાળીને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી.

ચેરમેન મહેશભાઈ પટેલ, વા. ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી, ડિરેક્ટર કનુભાઈ એમ. પટેલ, એમ.ડી. પંકજભાઈ એન. પટેલ અને સૌ ડિરેક્ટરો અને બેંકના ચીફ એક્ઝિક્યુટિવ એચ.પી. નાયક વગેરેએ સંવેદના કરી હતી અને આ દુઃખદ અને કમનસીબ ઘટનામાં મૃતક તમામ છાત્રો-છાત્રાઓના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરીને શોકાંજલી અર્પી હતી.